

# 62nd ANNUAL REPORT 2019-20

SINCE - 1958

# APANG MANAV MANDAL

An Institute that gives the 'Physically Challenged' a sense of belonging

Opp. Ahmedabad Management Association Center, B/h. 'ATIRA', Vastrapur Road, Ahmedabad - 380 015.
Ph. 079-2630 2643 • Helpline : 079-2630 4401
E-mail : info@apangmanavmandal.org • Website : www.amm-india.org


# અપંગ માનવ મંડળ
## ટ્રસ્ટીશ્રીઓ



શ્રી કનિષ્કભાઈ એચ. કાજી
ટ્રસ્ટ બોર્ડના પ્રમુખ ટ્રસ્ટી



શ્રી અનિલભાઈ સી. પરીખ
સંસ્થાની મેનેજીંગ કમિટિના
પ્રમુખ તથા ટ્રસ્ટી



શ્રી ક્ષિતીશ મદનમોહન
માનદ્ જનરલ સેક્રેટરી - ટ્રસ્ટી



શ્રી નારાયણભાઈ પટેલ
ઉપ પ્રમુખ - ટ્રસ્ટી

# અપંગ માનવ મંડળ
## હોદ્દેદારશ્રીઓ



શ્રી બીપીનભાઈ એમ. શાહ
માનદ્ કોષાધ્યક્ષ



શ્રીમતી પ્રજ્ઞાબેન ડી. ઝવેરી
માનદ્ મંત્રી



શ્રીમતી જૈમીનીબેન સી. નગરી
માનદ્ મંત્રી



શ્રીમતી ઉષાબેન એ. બજાજ
સહ માનદ્ મંત્રી



શ્રીમતી અંજુબેન એન. શેઠ
સહ માનદ્ મંત્રી



શ્રીમતી વિણાબેન શ્રીવાસ્તવ
સહ માનદ્ મંત્રી

# અપંગ માનવ મંડળ

**સ્થાપના : ૧૪–૧૨–૧૯૫૮**

**૬૨ મો વાર્ષિક અહેવાલ**

**વર્ષ : ૨૦૧૯–૨૦૨૦**

**(ગુજરાત રાજ્ય પારિતોષિક વિજેતા)**

**અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન સામે, અટીરા પાછળ, ડૉ. વિક્રમ સારાભાઇ રોડ,**
**અમદાવાદ – ૩૮૦ ૦૧૫. ફોન – ૦૭૯ – ૨૬૩૦ ૨૬૪૩**
**કમ્પ્યુટર સેન્ટર: ૦૭૯ – ૨૬૩૦ ૪૪૦૧ ફેક્સ નં. ૦૭૯ – ૨૬૩૦ ૮૧૫૬**

## કાર્યાલય અને કુમાર છાત્રાલય સંકુલમાં ચાલતી પ્રવૃતિઓ

૧. પ્રાથમિક શાળા
૨. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા
૩. બુકબેંક
૪. પુસ્તકાલય
૫. કમ્પ્યુટર સેન્ટર
૬. સ્કુલ બસ
૭. કુમાર છાત્રાલય
૮. પ્રિન્ટીંગ તાલીમ વર્ગ
૯. સિલાઇ તાલીમ વર્ગ
૧૦. ફેશન એન્ડ એપરલ ડીઝાઇન ટ્રેઇનીંગ સેન્ટર
૧૧. ફીઝીયોથેરાપી સેન્ટર
૧૨. બેકરી પ્રોડક્ટ્સ તાલિમ સહ ઉત્પાદન કેન્દ્ર
૧૩. હેલ્પલાઇન

**કમળા કામધેનુ હોલ સામે, ડ્રાઇવ–ઇન–રોડ, મેમનગર,**
**અમદાવાદ – ૩૮૦ ૦૫૨. ફોન નં. – ૦૭૯–૨૭૯૧ ૩૨૫૨ (કન્યા છાત્રાલય)**
**૦૭૯–૨૭૯૧ ૩૯૩૭ (ફીઝીયોથેરાપી સેન્ટર)**

## કન્યા છાત્રાલય સંકુલમાં ચાલતી પ્રવૃતિઓ

૧. કન્યા છાત્રાલય
૨. સ્પાસ્ટીક લર્નીંગ એન્ડ ડે-કેર સેન્ટર
૩. ઓડીયોલોજી એન્ડ સ્પીચ લેંગ્વેજ પેથોલોજી સેન્ટર
૪. એમ્બ્રોયડરી તાલીમ વર્ગ
૫. સિલાઇ તાલીમ વર્ગ
૬. ફેશન એન્ડ એપરલ ડીઝાઇન ટ્રેઇનીંગ સેન્ટર
૭. પુસ્તકાલય સહ મનોરંજન કક્ષ
૮. ફીઝીયોથેરાપી સેન્ટર
૯. કમ્પ્યુટર સેન્ટર
૧૦. પીડીયાટ્રીક ફીઝીયોથેરાપી સેન્ટર
૧૧. સ્કુલ બસ

**E-mail : info@amm.org**
**website : www.amm-india.org**

## ટ્રસ્ટી મંડળ

| | | | |
|---|---|---|---|
| શ્રી કનિષ્ક એચ. કાજી | પ્રમુખ ટ્રસ્ટી | શ્રી અનિલ સી. પરીખ | ટ્રસ્ટી |
| શ્રી ક્ષિતીશ મદનમોહન | ટ્રસ્ટી | શ્રી નારાયણ આર. પટેલ | ટ્રસ્ટી |

## સંસ્થાપક

સ્વ. શ્રી કનુ મહેતા
સ્વ. શ્રી ચંદ્રકાન્ત વ્યાસ
સ્વ. શ્રી કલ્યાણ શાહ
સ્વ. શ્રીમતિ સુનંદા વોહોરા
સ્વ. શ્રી પ્રમોદ શાહ

## સંસ્થાના પૂર્વ પ્રમુખશ્રીઓ

સ્વ. શ્રી જયકૃષ્ણ હરિવલ્લભદાસ
સ્વ. શ્રી રોહીત મહેતા
સ્વ. ડૉ. સુમંત એમ. શાહ
સ્વ. શ્રી આત્મારામ ભોગીલાલ સુતરીયા

## સંસ્થાના પેટ્રન સભ્ય

શ્રી જે. એમ. મહેતા
શ્રી મુકેશ એમ. પટેલ
શ્રી પંકજ પટેલ
શ્રી દિનેશ એલ. પટેલ
શ્રી શ્રેયસ પંડ્યા
ડૉ. નિતીન એસ. શાહ
શ્રી નિરંજન જે. શાહ
શ્રી નારાયણ આર. પટેલ
શ્રી કૌશિક ડી. પટેલ
ડૉ. કમલ ચંદ્રવદન શાહ
શ્રી અજય એન. ચોકસી
શ્રી સંજીવ મહેન્દ્ર શાહ

## મેનેજીંગ કમિટિ વર્ષ : ૨૦૧૯–૨૦૨૦

| | |
|---|---|
| ૧. શ્રી અનિલ સી. પરીખ | પ્રમુખ |
| ૨. શ્રી નારાયણ આર. પટેલ | ઉપ-પ્રમુખ |
| ૩. શ્રી ક્ષિતીશ મદનમોહન | માનદ્ જનરલ સેક્રેટરી |
| ૪. શ્રી બીપીન એમ. શાહ | માનદ્ કોષાધ્યક્ષ |
| ૫. શ્રીમતિ પ્રજ્ઞા ડી. ઝવેરી | માનદ્ મંત્રી |
| ૬. શ્રીમતિ જૈમીની સી. નગરી | માનદ્ મંત્રી |
| ૭. શ્રીમતિ અંજુ એમ. શેઠ | સહ માનદ્ મંત્રી |
| ૮. શ્રીમતિ ઉષા એ. બજાજ | સહ માનદ્ મંત્રી |
| ૯. શ્રીમતિ વિણા શ્રીવાત્સવ | સહ માનદ્ મંત્રી |
| ૧૦. શ્રી લલ્લુભાઈ એ. દેસાઇ | મેનેજીંગ કમિટિ સભ્ય |
| ૧૧. ડૉ. નિતીન એસ. શાહ | મેનેજીંગ કમિટિ સભ્ય |
| ૧૨. શ્રી ધીરેન ઝવેરી | મેનેજીંગ કમિટિ સભ્ય |
| ૧૩. શ્રી બંકીમ પાઠક | મેનેજીંગ કમિટિ સભ્ય |
| ૧૪. શ્રી પ્રશાંત જે. કીનારીવાલા | મેનેજીંગ કમિટિ સભ્ય |
| ૧૫. શ્રી કૌશિક ડી. પટેલ | કો.ઓપ્ટ. સભ્ય |
| ૧૬. શ્રીમતિ રાધા શ્રીધર | કો.ઓપ્ટ. સભ્ય |
| ૧૭. કુ. દર્શીતા બી. શાહ | કો.ઓપ્ટ. સભ્ય |
| ૧૮. ડૉ. કમલ ચંદ્રવદન શાહ | કો.ઓપ્ટ. સભ્ય |
| ૧૯. શ્રી સંજીવ મહેન્દ્ર શાહ | આમંત્રિત સભ્ય |
| ૨૦. શ્રીમતિ કાશ્મીરા એ. શાહ | આમંત્રિત સભ્ય |
| ૨૧. શ્રીમતિ કુમુદ આર. શાહ | આમંત્રિત સભ્ય |
| ૨૨. શ્રીમતિ અનાર એચ. પટેલ | આમંત્રિત સભ્ય |
| ૨૩. શ્રી પરેશ પટેલ | આમંત્રિત સભ્ય |
| ૨૪. શ્રી મુકુન્દ દેસાઇ | આમંત્રિત સભ્ય |
| ૨૫. શ્રી સૌરીન પાલખીવાલા | આમંત્રિત સભ્ય |

**સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ અસરકારક સંચાલન અને વહીવટી સરળતા માટે નીચે મુજબ સબ–કમિટિઓની રચના કરવામાં આવી હતી.**

| | સબ કમિટિ | | કન્વીનર અને સભ્ય | |
|---|---|---|---|---|
| ૧. | **જનરલ એડમીનીસ્ટ્રેશન, નવા બાંધકામ – રીપેર્સ** | :- | **શ્રી અનિલ સી. પરીખ** | **(કન્વીનર)** |
| | | | શ્રી ક્ષિતીશ મદનમોહન | |
| | | | શ્રીમતિ પ્રજ્ઞા ડી. ઝવેરી | |
| | | | સીએ બીપીન એમ. શાહ | |
| ૨. | **ફાયનાન્સ એન્ડ ફન્ડરેઝીંગ** | :– | **સીએ બીપીન એમ. શાહ** | **(કન્વીનર)** |
| | | | ડૉ. કમલ ચંદ્રવદન શાહ | |
| | | | શ્રી ધીરેન ઝવેરી | |
| | | | શ્રી પ્રશાંત કિનારીવાલા | |
| ૩. | **પરચેઝ** | :– | **શ્રી અનિલ સી. પરીખ** | **(કન્વીનર)** |
| | | | શ્રી કૌશિક ડી. પટેલ | |
| | | | સીએ બીપીન એમ. શાહ | |
| | | | શ્રી ક્ષિતીશ મદનમોહન | |
| ૪. | **લીગલ** | :– | **શ્રી કનિષ્ક એચ. કાજી** | **(કન્વીનર)** |
| | | | શ્રી નારાયણ આર. પટેલ | |
| | | | શ્રી મુકુન્દ દેસાઇ | |
| | | | શ્રી સુનિલ પરીખ | |
| ૫. | **શિક્ષણ / પુસ્તકાલય** | :– | **શ્રીમતિ પ્રજ્ઞા ઝવેરી** | **(કન્વીનર)** |
| | | | શ્રીમતિ અંજુ એમ. શેઠ | |
| | | | શ્રી કમલ ચંદ્રવદન | |
| | | | શ્રી પરેશ આર. પટેલ | |
| | | | શ્રી સંજીવ મહેન્દ્રલાલ શાહ | |
| ૬. | **કમ્પ્યુટર** | :– | **શ્રી શુભાંગ એમ. શાહ** | **(કન્વીનર)** |
| | | | શ્રીમતિ જૈમીની સી. નગરી | |
| | | | શ્રીમતિ ઉષા એ. બજાજ | |
| | | | શ્રીમતિ વિણા શ્રીવાત્સવ | |
| | | | શ્રી સંજીવ મહેન્દ્રલાલ શાહ | |
| | | | શ્રીમતિ બીજીતા ક્રિશ્ચીયન | |
| ૭. | **ફીઝીયોથેરાપી સેન્ટર (વસ્ત્રાપુર, મેમનગર) અને આરોગ્ય** | :– | **શ્રી ધીરેન ઝવેરી** | **(કન્વીનર)** |
| | | | શ્રી અનિલ સી. પરીખ | |
| | | | શ્રીમતિ જૈમીની સી. નગરી | |
| | | | શ્રીમતિ ઉષા એ. બજાજ | |
| | | | શ્રીમતિ વિણા શ્રીવાત્સવ | |

| | સબ કમિટિ | | કન્વીનર અને સભ્ય | |
|---|---|---|---|---|
| ૮. | પ્રિન્ટીગ પ્રેસ | :- | **શ્રી ધીરેન ઝવેરી** | (કન્વીનર) |
| | | | ડૉ. કમલ ચંદ્રવદન શાહ | |
| | | | શ્રી શુભાંગ એમ. શાહ | |
| ૯. | ફેશન ડીઝાઇન, સીવણ તાલીમ, સ્પાસ્ટીક લર્નીંગ સેન્ટર, ડે-કેર સેન્ટર, સ્પીચથેરાપી સેન્ટર | :- | **શ્રીમતિ જૈમીની સી. નગરી** | (કન્વીનર) |
| | | | **શ્રીમતિ ઉષા એ. બજાજ** | (કન્વીનર) |
| | | | શ્રીમતિ અંજુ એમ. શેઠ | |
| | | | કુ. દર્શીતા બી. શાહ | |
| | | | શ્રીમતિ કાશ્મીરા એ. શાહ | |
| | | | શ્રીમતિ અનાર એચ. પટેલ | |
| ૧૦. | છાત્રાલય, રસોડું, કોઠાર, બેકરી | :-(૧) | **શ્રીમતિ જયશ્રી એચ. વોરા** | (કન્વીનર, કુમાર છાત્રાલય) |
| | | | શ્રી કૌશિક ડી. પટેલ | |
| | | | શ્રીમતિ બ્રીજીતા ક્રિશ્ચીયન | |
| | | (૨) | **શ્રીમતિ વિણા શ્રીવાત્સવ** | (કન્વીનર, કન્યા છાત્રાલય) |
| | | | શ્રીમતિ જૈમીની સી. નગરી | |
| | | | શ્રીમતિ ઉષા એ. બજાજ | |
| | | | શ્રીમતિ અનાર એચ. પટેલ | |
| ૧૧. | સાંસ્કૃત્તિક | :- | **શ્રીમતિ રાધા શ્રીધર** | (કન્વીનર) |
| | | | શ્રીમતિ જૈમીની સી. નગરી | |
| | | | શ્રીમતિ ઉષા એ. બજાજ | |
| | | | શ્રીમતિ વિણા શ્રીવાત્સવ | |
| | | | કુ. દર્શીતા બી. શાહ | |
| | | | શ્રી બંકીમ પાઠક | |
| | | | શ્રીમતિ અનાર એચ. પટેલ | |
| ૧૨. | સર્વાંગી કલ્યાણ, પુનઃસ્થાપન સાધન-સહાય. | :- | **શ્રીમતિ અંજુ એમ. શેઠ** | (કન્વીનર) |
| | | | શ્રી અનિલ સી. પરીખ | |
| | | | કુ. દર્શીતા બી. શાહ | |
| | | | શ્રી બંકીમ પાઠક | |

# સંસ્થાના વિભાગીય વડા

| ક્રમ | નામ | વિભાગ | હોદ્દો |
|---|---|---|---|
| ૧. | શ્રી કિશોર બી. વ્યાસ | કાર્યાલય | માનદ્ સલાહકાર |
| ૨. | શ્રીમતિ બ્રિજીતા એ. ક્રિશ્ચીયન | કાર્યાલય | ચીફ એડમીનીસ્ટ્રેટર |
| ૩. | કુ. દર્શીતા બી. શાહ | કાર્યાલય | ખાસ ફરજ પરના અધિકારી/ પી.આર.ઓ. |
| ૪. | શ્રીમતિ જયશ્રી એચ. વોરા | કુમાર છાત્રાલય | કન્વીનર |
| ૫. | શ્રી આશિષ બી. જોષી | કાર્યાલય | એકાઉન્ટન્ટ |
| ૬. | ડૉ. મનિષ એસ. ત્રિવેદી | ફીઝીયોથેરાપી | ચીફ ફીઝીયોથેરાપીસ્ટ |
| ૭. | શ્રી પરેશ પટેલ | શિક્ષણ | માનદ્ શિક્ષણ સલાહકાર |
| ૮. | શ્રીમતિ ઊર્મિલા પટેલ | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા | આચાર્ય |
| ૯. | શ્રીમતિ અંજના પટેલ | પ્રાથમિક શાળા | આચાર્ય |
| ૧૦. | શ્રી મણીલાલ મોડીયા | કુમાર છાત્રાલય | ગૃહપતિ |
| ૧૧. | શ્રીમતિ મેના બરંડા | કન્યા છાત્રાલય | ગૃહમાતા |
| ૧૨. | શ્રીમતિ કેતકી ઠક્કર | ડે-કેર સેન્ટર | ઈન્ચાર્જ |
| ૧૩. | શ્રીમતિ સિમર ભોજવાની | ઈન્ચાર્જ | ફેશન ડીઝાઈન સેન્ટર |
| ૧૪. | ડૉ. મૃગેશ શાહ | કુમાર છાત્રાલય | માનદ્ તબીબ |
| ૧૫. | ડૉ. ઉર્વશી સુતરીયા | કન્યા છાત્રાલય | માનદ્ તબીબ |

# અપંગ માનવ મંડળ

## કુમાર છાત્રાલય સંકુલમાં ચાલતી પ્રવૃત્તિઓ

## અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન સામે, અટીરા પાછળ, ડૉ. વિક્રમ સારાભાઈ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫.

## ફોન નંબર - ૨૬૩૦૨૬૪૩, ૨૬૩૦૪૪૦૧

૧. કે. કે. શાહ જરોદવાળા પ્રાથમિક શાળા (ધો. ૧ થી ૫)
૨. પ્રો. હીરાલાલ કાજી પ્રાથમિક શાળા (ધો.૬ થી ૮)
૩. શ્રી સુનંદાબેન વોહોરા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા (ધો. ૯ થી ૧૨)
૪. શ્રી ચીનુભાઈ નારણભાઈ બુક બેંક
૫. શ્રી પ્રબોધભાઈ પોપટલાલ રવચંદ કુમાર છાત્રાલય વિભાગ-૧
 શ્રી ભોગીલાલ બાલાભાઈ કુમાર છાત્રાલય વિભાગ-૨
૬. સુ. શ્રી સુલોચનાબેન ચંદુલાલ દલાલ કુમાર નિવાસ કક્ષ નં.-૧
૭. શેઠશ્રી પુરૂષોત્તમદાસ મુળચંદ પ્રિન્ટીંગ તાલીમ કેન્દ્ર
૮. શ્રી ભગવતીબેન વિષ્ણુપ્રસાદ પંડયા (સાહિત્ય મુદ્રણાલય) ગ્રાફીક આર્ટ ટ્રેનીંગ સેન્ટર
૯. શેઠશ્રી રમણલાલ ગીરધરલાલ સિલાઈ તાલીમ કેન્દ્ર (કુમાર વિભાગ)
૧૦. શ્રી વિદ્યાબેન ભલુભાઈ દેસાઈ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નવનિર્મિત સિલાઈ તાલીમ કેન્દ્ર
૧૧. શ્રી રમણીકલાલ જીવણલાલ કીનારીવાલા કમ્પ્યુટર સેન્ટર
૧૨. શ્રી ચીનુભાઈ નારણભાઈ પરીખ સ્મૃતિ અદ્યતન કમ્પ્યુટર તાલિમ કેન્દ્ર
૧૩. શ્રી શાંતાબેન મોતીલાલ પરીખ ફીઝીયોથેરાપી સેન્ટર
૧૪. સ્વ. શ્રી આત્મારામ ભોગીલાલ સુતરીયા સ્મૃતિ પુનઃસ્થાપન કેન્દ્ર
૧૫. શ્રીમતિ શાંતાબેન અને શ્રી પન્નાલાલ બાલાભાઈ ઝવેરી પુસ્તકાલય
૧૬. શ્રી મદનમોહન રમણલાલ ફેશન ટેકનોલોજી ટ્રેનીંગ અને હેન્ડ સ્ટીચ ગારમેન્ટ ટ્રેનીંગ સેન્ટર
૧૭. શ્રી શીલાબેન મોદી કમ્પ્યુટર સેન્ટર (કેડીલા ફાર્માસ્યુટીકલ્સના સૌજન્યથી)
૧૮. શ્રી કલ્યાણભાઈ ત્રિકમલાલ શાહ ભોજન કક્ષ
૧૯. સુમન ઉદ્યાન - સૌજન્ય શ્રી કે. એચ. કાજી
૨૦. સ્વ. શ્રી સમીર દુષ્યંતકુમાર સાહેબા બેકરી પ્રોડકટ્સ તાલીમ સહ ઉત્પાદન કેન્દ્ર
૨૧. શ્રી અજય ચીમનભાઈ મોડર્ન સ્ટડી સેન્ટર
૨૨. શ્રી સુલોચનાબેન ચંદુલાલ દલાલ સાંસ્કૃતિક ચોક
૨૩. સુ. શ્રી સુલોચનાબેન ચંદુલાલ દલાલ કુમાર નિવાસ કક્ષ નં.-૨
૨૪. શ્રીમતિ રોહીણીબેન ચાંદોરકર "અર્ન વ્હાઈલ યુ લર્ન પ્રોજેકટ"
૨૫. હેલ્પલાઈન

## કન્યા છાત્રાલય સંકુલમાં ચાલતી પ્રવૃત્તિઓ

## કમળા કામધેનુ હોલ સામે, ડ્રાઈવ-ઈન રોડ, મેમનગર, અમદાવાદ-૫૨.

## ફોન નંબર - ૨૭૯૧ ૩૨૫૨

૧. શ્રીમતિ વસંતબેન હીરાલાલ કાજી કન્યા છાત્રાલય
૨. સિલાઈ તાલીમ વર્ગ, એમ્બ્રોઈડરી તાલીમ વર્ગ
૩. શ્રી મણીલાલ જેઠાલાલ શાહ ઈન્ડોર ફીઝીયોથેરાપી સેન્ટર
૪. નૂતન નાગરીક સહકારી બેંક લી. ફીઝીયોથેરાપી સેન્ટર
૫. શ્રી ચીમનલાલ સોમાભાઈ પટેલ (સંદેશ) પીડીયાટ્રીક ફીઝીયોથેરાપી સેન્ટર
૬. શ્રી મદનમોહન રમણલાલ સ્પાસ્ટીક લર્નીંગ એન્ડ ડે-કેર સેન્ટર
૭. શ્રીમતિ હંસાબેન સુશીલકાન્ત સ્પાસ્ટીક ચિલ્ડ્રન એકટીવીટી સેન્ટર
૮. શ્રી દોલતભાઈ અને શ્રી નાનુભાઈ ત્રિવેદી હેલ્થ સેન્ટર
૯. શ્રી નવીનભાઈ કાંતિલાલ કોલસાવાળા પુસ્તકાલય સહ મનોરંજન કક્ષ
૧૦. કાલીન્દી કાજી ફેશન એન્ડ એપરલ ડીઝાઈન ટ્રેનીંગ સેન્ટર
૧૧. "શીલા હોલ" (કન્યા નિવાસ કક્ષ) કેડીલા ફાર્માસ્યુટીકલ્સના સૌજન્યથી
૧૨. શ્રીમતિ રાજબેન અને બલદેવરાજ હાંડા ઓડીયોલોજી એન્ડ સ્પીચ લેંગ્વેજ પેથોલોજી સેન્ટર
૧૩. સુ. શ્રી સુલોચનાબેન ચંદુલાલ દલાલ ભોજન કક્ષ
૧૪. સ્વ. ભાનુપ્રસાદ જી. પટેલના અનુદાનથી લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીકટ ૩૨૩-B, લાયન્સ કલબ ઑફ સંવેદના તેમજ લાયન્સ કલબ ઑફ શાહીબાગ નવનિર્મિત કમ્પ્યુટર રૂમ.

# -: સંસ્થાકીય :-

અપંગ માનવ મંડળ સંસ્થા ૧૯૫૮થી વિકલાંગોના ક્ષેત્રમાં કાર્યરત છે અને આ વર્ષે જ સંસ્થાએ ૬૧ વર્ષ પૂર્ણ કરેલ છે, ૬૨ માં વર્ષનો વાર્ષિક કાર્યોનો અહેવાલ આપની સમક્ષ રજુ કરૂં છું.

સંસ્થાએ વિકલાંગોના શિક્ષણ, તાલીમ, રોજગારના ક્ષેત્રમાં તેના ધ્યેય અનુસાર નોંધપાત્ર કામગીરી કરેલ છે અને સંસ્થાને મળેલ આપ સર્વેના સાથ સહયોગથી સતત વિકાસ થઈ રહ્યો છે.

સંસ્થામાં ફીઝીયોથેરાપી સેન્ટરમાં જરૂરીયાત પૂરતા સાધનો ઉપલબ્ધ છે પરતું હાલના વિકસતા યુગમાં આ ફીઝીયોથેરાપી સેન્ટર અધતન સાધનોથી સુસજ્જ રાખવામાં આવે તો વિકલાંગોને અને દર્દીઓને ઘણી અસરકારક રીતે સહાયરૂપ થઈ શકાય તે હેતુથી ચાલુ વર્ષે ગુજરાત રાજ્ય રાજ્યપાલશ્રી સોશ્યિલ વેલફેર ફંડમાંથી (૧) સેલેનોઈડ વીથ પલ્સડ ઈલેક્ટ્રો મેગ્નેટોથેરાપી વીથ ટ્રીટમેન્ટ કાઉચ (૨) શોર્ટ વેવ ડાયાથર્મી - ૫૦૦વોટસ વીથ ડીસ્ક ઈલેકટ્રોડ તેમજ (૩) એફ.ઈ.એસ.- ફંકશનલ ઈલેક્ટ્રીકલ સ્ટીમ્યુલેશન વિ. મશીન વસાવેલ છે. તેમજ શાળાકીય વિભાગમાં વિકલાંગ બાળકોને શિક્ષણ મેળવવા માટે આવવા-જવામાં તકલીફ ન પડે તે હેતુથી "બેંક ઓફ ઈન્ડિયા" તરફથી "વિંગર બસ" સંસ્થાને સ્કુલ વાન તરીકે ડોનેટમાં મળેલ છે.

સંસ્થામાં ચાલતી વર્તમાન પ્રવૃત્તિમાં હાલના સમયની જરૂરીયાત મુજબ પરિવર્તન કરી અત્યારની પરિસ્થિતી મુજબ વિકલાંગોને આધુનિક પધ્ધતીથી શિક્ષણ અને તાલીમ મળે તે જરૂરી છે. આ ક્ષેત્રમાં સંસ્થા ધ્વારા કાર્ય કરવું અતિ આવશ્યક છે. નવી પધ્ધતી વિકસીત કરવા નવા નવા વર્ગો શરૂ કરવા આર્થિક અને માનવ શક્તિ સંસ્થાને પર્યાપ્ત માત્રામાં મળે તે જરૂરી છે.

સંસ્થાના વર્તમાન મકાનો ઘણા સમય પહેલા દાતાશ્રીઓના ઉમદા સહયોગથી બાંધવામાં આવેલ જે તે સમય જતા સમારકામ કરી નવનિર્મીત કરવા તે પાયાની જરૂરીયાત છે અને આ માટે પણ ખર્ચ ઘણો મોટો થાય છે. સંસ્થા ધ્વારા વિકલાંગોની વર્તમાન જરૂરીયાત મુજબ નવા વિભાગો શરૂ કરવામાં આવ્યાં છે. જેમાં હાલમાં સરકારશ્રી તરફથી કોઈ જ ગ્રાન્ટ મળતી નથી તમામ ખર્ચ સંસ્થાએ જ કરવો પડે છે.

હાલમાં કોરોના વાયરસની વર્તમાન પરિસ્થિતિ તથા લોકડાઉન દરમ્યાન સંસ્થાને સેનીટાઈઝેશનના ધોરણો જાળવવાથી લઈ, બાળકોને નિઃશુલ્ક ઓનલાઈન શિક્ષણ સંપાદન થઈ શકે તે માટે સંસ્થાને ધણો ખર્ચ થયેલ છે તથા ભવિષ્યમાં પણ આજ રીતે સંસ્થાના દિવ્યાંગ બાળકો તથા કર્મચારીઓના સ્વાસ્થયને લઈ ઉભી કરેલ સુવિધાઓની જાળવણી કરવાની થશે તથા સદર મહામારીને લીધે જનજીવનમાં ઉભા થયેલ આર્થિક સંક્ટોને લઈ સંસ્થાના ડોનેશનની આવકમાં પણ ધરખમ ઘટાડો થયેલ છે જેને સરભર કરવા તથા આ નવી વ્યવસ્થાઓને ઉભી કરવા થતા ખર્ચને પહોંચી વળવા સંસ્થાના તમામ દાતાશ્રીઓ, સમાજના શ્રેષ્ઠીઓ, સંસ્થાના માનનિય સભ્યશ્રી તથા કોર્પોરેટ કંપનીઓને આ કપરા સમયમાં સંસ્થાને આર્થિક સહાય કરી ટેકો આપવા હું હ્રદયપૂર્વક નમ્ર વિનંતી કરૂં છું.

સંસ્થાની જરૂરીયાતને પહોંચી વળવા તથા વિકાસના કાર્યો કરવા કોઈ એક હોદેદાર કે દાતાશ્રી પ્રયત્ન કરે તો આ કામ અશક્ય છે પરંતુ સંસ્થાના તમામ હોદેદારશ્રીઓ, શુભેચ્છકશ્રીઓ, દાતાશ્રીઓ આ માટે સહીયારો પ્રયત્ન કરે અને સંસ્થાને તેમના ધ્વારા વધુને વધુ આર્થિક સહયોગ પ્રાપ્ત થાય તો જ આ કાર્ય શક્ય બને. આપણે સર્વે સાથે મળી આ સંસ્થાને અને વિકલાંગોને જરૂરી સુવિધા સહાય પુરી પાડી તેઓના ધ્યેયની પૂર્ણતા કરવા તન-મન-ધનથી પ્રયત્ન કરી આ માનવતાના ગરીયાપૂર્ણ કાર્યને પૂર્ણતા અર્પીશું તેવી આપ સર્વે પાસે મને અને મારા સર્વે સહ-કાર્યકરોને અપેક્ષા છે જે અવશ્ય પૂર્ણ થશે તેવી શ્રધ્ધા છે.

આપના તરફથી મળતા સહયોગ તથા સુચનનું અમારા માટે વિશેષ મહત્વ છે.

**આપના સર્વાંગી સહકાર ધ્વારા વિકલાંગોના સર્વાંગી કલ્યાણની અપેક્ષા.**

**ધન્યવાદ સહ,**

**અનિલભાઈ ચીનુભાઈ પરીખ**
**સંસ્થાની મેનેજીંગ કમીટીના પ્રમુખ અને ટ્રસ્ટી**
**અપંગ માનવ મંડળ, અમદાવાદ.**

# -: શ્રધ્ધાંજલિ :-

# સ્વ. આદરણીય મું. શ્રી સુનંદાબ્હેન જગતચંદ્ર વોહોરા



## આદ્યસ્થાપક

આદરણીય મું. શ્રી સુનંદાબ્હેન ના નિધન બદલ અપંગ માનવ મંડળના સર્વે હોદેદારશ્રીઓ કર્મચારીઓ બાળકો સહ સમસ્ત સંસ્થા પરિવાર અત્યંત દુઃખની લાગણી અનુભવે છે અને બ્હેનને ભાવપૂર્વક શ્રધ્ધાંજલી શબ્દાજંલી અર્પે છે.

મુ. શ્રી સુનંદાબ્હેન સંસ્થાનો સ્થાપનાથી જીવનપર્યન્ત સંસ્થાના સંસ્થાપક તરીકે ૬૨ વર્ષ સુધી પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે સંસ્થા સાથે અંતરની લાગણી પૂર્વક કાર્યરત રહ્યા તેઓએ આ સંસ્થાના પ્રારંભથી પૂર્ણ વિકાસ સુધીની યાત્રામાં મહત્વનું નોંધપાત્ર અનુકરણીય યોગદાન નિસ્વાર્થ સેવાભાવ સાથે આપ્યું છે.

મુ. શ્રી સુનંદાબ્હેનને અનેક જૈન મુનીઓએ અને આચાર્યશ્રીઓએ "ધર્મપ્રેમી" "સુશ્રાવિકા" તથા "સુજ્ઞ જીજ્ઞાશું" તરીકે ઉદ્‌બોધન કરેલ છે અને તેઓને મુમુક્ષ પરિવારના અનેક ભાઈ-બ્હેનોએ "ગુરૂવર્ય" ગણ્યા છે પરંતુ અમારા માટે તો તેઓ હંમેશ "બ્હેન" હતા ટુંકમાં કહતો બ્હેન એ અમારા માટે સર્વ અને સર્વસ્વનો પર્યાય હતા બ્હેનને જોતાં જ દુઃખ તકલીફ ભૂલી જવાતા અને એક આત્મબળ પ્રાપ્ત થતું.

૧૯૫૮ થી શરૂ કરી ૧૯૭૦ માં વસ્ત્રાપુરમાં જમીન મેળવવાથી માંડીને જરૂરી સાધન સામગ્રી તથા સહયોગ સ્વ અને સર્વસ્વનો આપી સંસ્થાનો પ્રારંભ કર્યો અને સંસ્થાનો અનેકવિધ વિકલાંગોના કલ્યાણલક્ષી પ્રવૃત્તિ સાથે સતત વિકાસ થતો રહ્યો અને હાલમાં સંસ્થા પૂર્ણ વિકસીત વિકલાંગ સેવા ક્ષેત્રનું વટવૃક્ષ બની આપની સમક્ષ છે.

આજે આ સંસ્થાના સેવાભાવને વરેલા કાર્યકરો તન મન ધનથી સેવા આપે છે તેના પાયામાં મુ. બ્હેનનું માર્ગદર્શન, પ્રેરણા અને આશિર્વાદ છે.

૧૯૮૫ માં બ્હેને સેવાકીય ક્ષેત્રમાંથી નિવૃતિ લઈ આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રવેશ કર્યો જેમાં પણ તેઓએ નોંધપાત્ર કાર્ય કરી અનેક દેશોનો પ્રવાસ કરીને જૈન ધર્મના મુમુક્ષોને માર્ગદર્શન કર્યું તેઓ નિવૃત્તિકાળમાં પણ સંસ્થા સાથે માનસિક આત્મિય રીતે જોડાયેલા રહ્યાં.

મુમુક્ષ પરિવારના સભ્યો અને બ્હેન તથા પરિવારજનો તરફથી સંસ્થાને ઘણો જ આર્થિક સહયોગ મળ્યો છે અને સંસ્થા સંચાલિત માધ્યમિક શાળા વિભાગને "શ્રી સુનંદાબ્હેન વોહોરા માધ્યમિક શાળા" નામકરણ કરવામાં આવેલ છે.

તેઓશ્રી જીવન કાળ દરમ્યાન અનેકવિધ ક્ષેત્રોમાં કાર્યરત રહ્યા પરંતુ સંસ્થા સાથે આત્મીયતા પૂર્વક સંલગ્ન રહ્યાં.

વિકલાંગોના ક્ષેત્રના અનુભવે વિકલાંગો વિષેની "એક માળના મણકા" પુસ્તક પ્રથમ લખી ત્યાર બાદ "ગંગા સતી એમ બોલીયા લખી" અને સમાજ કલ્યાણ સંઘની બ્હેનો માટે દર માસે "અંતરયાત્રા" પ્રકાશિત કરી અને આજે તો જૈન ધર્મ-તત્વચિંતન અને જૈન ક્રિયાઓ તથા ધર્મ સંબધીત અનેક પુસ્તકો લખ્યા છે. હમણા છેલ્લે તેઓએ ૯૭ માં વર્ષે ૯૭ અલગ અલગ પ્રસંગો સાથેની પુસ્તિકા "સત્વશીલ-તત્વમય ૯૭ પ્રસંગો લખી જેમાં તેઓએ ૯૭ વર્ષ પૂર્ણ થતા ૯૭ પ્રસંગોનો સમાવેશ કરેલ છે.

તેઓના જીવનનાં નિસ્વાર્થ સેવાભાવ અને સર્વજન કલ્યાણના આદર્શ અને કાર્યક્ષમતા આપણા સૌ માટે હંમેશ અનુકરણીય બની રહેશે અને વિકલાંગોના તથા સમાજ સેવાના ક્ષેત્રમાં માર્ગદર્શક બની રહેશે.


દિવંગત્ મુ.શ્રી સુનંદાબ્હેનનાં આત્માને જીનપ્રભુ ચરણોમાં સ્થાન આપી શાતા અર્પે અને આપણને સૌને સમતા અર્પે તેવી ધર્મભાવના પૂર્વકની પ્રાર્થના.

| | | |
|---|---|---|
| **કનિષ્ક કાજી** | **અનિલ પરીખ** | **ક્ષિતીશ મદનમોહન** |
| **પ્રમુખ ટ્રસ્ટી** | **પ્રમુખ** | **માનદ્ જનરલ સેક્રેટરી** |

**અપંગ માનવ મંડળ પરિવાર**
**અમદાવાદ.**

## -: શ્રધ્ધાંજલિ :-

## સ્વ. શ્રી રોહીતભાઈ સી. મહેતા



## પૂર્વ પ્રમુખશ્રી

મુ. શ્રી રોહીતભાઈ મહેતાના તા. ૧૭-૦૯-૨૦૧૯ના રોજ થયેલ દેહાવસાન બદલ સંસ્થા પરિવાર ઊંડા શોકની લાગણી વ્યક્ત કરે છે.

તેઓ અપંગ માનવ મંડળના વિવિધ હોદા ઉપર અને ૧૯૬૬-૬૭ ના સમયમાં પ્રમુખ સ્થાને હતા તે દરમ્યાન તેઓએ તન મન અને ધનથી સહયોગ આપી આ સંસ્થાના વિકાસમાં અવિસ્મરણીય યોગદાન આપ્યું હતું.

તેઓશ્રી એક સક્ષમ સંચાલક અને સમર્થ ઔધોગિક શ્રેષ્ઠિ હતા. તેઓશ્રીએ જે જે ક્ષેત્રમાં કાર્ય કર્યું તે તે ક્ષેત્રના કાર્યને તપસ્યા સમજીને કાર્ય કર્યું છે.

તેઓ તેમના કાર્યકાળ દરમ્યાન અનેક સામાજીક વ્યાપારીક આરોગ્ય અને સેવાકાર્ય સાથે સૌલગ્ન સંસ્થામાં કાર્યરત હતા અને તેઓના કાર્ય બદલ અનેક માન સન્માન તેઓને પ્રાપ્ત થયા હતાં.

તેઓના ઉમદા જાહેર સેવક તથા સંસ્થાના સંચાલક તરીકેના નિશ્વાર્થ સેવાભાવના પૂર્વકના ગુણો આપણા માટે અનુકરણીય બની રહેશે.

પ્રભુ તેઓના આત્માને શાંતી અર્પે તેવી પ્રાર્થના.

ૐ શાંતિ

## અપંગ માનવ મંડળ   વર્ષ : ૨૦૧૯-૨૦૨૦   વિભાગવાર સંસ્થાના લાભાર્થીઓ

**પ્રાથમિક શાળા :-**

| | છાત્રાલય નિવાસી | | બહારથી આવતા | | |
|---|---|---|---|---|---|
| ધોરણ | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુલ |
| ધોરણ-૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૫ |
| ધોરણ-૨ | ૦૧ | ૦૨ | --- | --- | ૦૩ |
| ધોરણ-૩ | ૦૩ | ૦૧ | ૦૨ | --- | ૦૬ |
| ધોરણ-૪ | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૫ |
| ધોરણ-૫ | ૦૫ | ૦૨ | ૦૩ | ૦૨ | ૧૨ |
| ધોરણ-૬ | ૦૬ | ૦૩ | ૦૮ | ૦૩ | ૨૦ |
| ધોરણ-૭ | ૧૧ | ૦૭ | ૦૩ | ૦૧ | ૨૨ |
| ધોરણ-૮ | ૧૦ | ૦૯ | ૦૪ | --- | ૨૩ |
| **કુલ** | **૩૮** | **૨૭** | **૨૨** | **૦૯** | **૯૬** |
| **માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા :-** | | | | | |
| ધોરણ-૯ | ૧૭ | ૦૯ | ૧૦ | ૦૧ | ૩૭ |
| ધોરણ-૧૦ | ૨૧ | ૦૮ | ૦૨ | ૦૨ | ૩૩ |
| ધોરણ-૧૧ | ૨૫ | ૦૯ | ૦૧ | ૦૨ | ૩૭ |
| ધોરણ-૧૨ | ૨૪ | ૦૭ | ૦૩ | ૦૧ | ૩૫ |
| **કુલ સંખ્યા** | **૮૭** | **૩૩** | **૧૬** | **૦૬** | **૧૪૨** |
| કોલેજ/ કમ્પ્યુટર/ બેકરી | ૦૮ | ૧૯ | ૧૧ | --- | ૩૮ |
| **કુલ સંખ્યા** | **૦૮** | **૧૯** | **૧૧** | --- | **૩૮** |
| **તાલીમ વિભાગ :-** | | | | | |
| પ્રિન્ટીંગ પ્રેસ | ૧૮ | --- | --- | --- | ૧૮ |
| સિલાઇ કુમાર | ૧૮ | --- | --- | --- | ૧૮ |
| ફેશન ડી. કુમાર/ કન્યા | ૧૨ | ૨૮ | ૦૧ | --- | ૪૧ |
| **કુલ સંખ્યા** | **૪૮** | **૨૮** | **૦૧** | --- | **૭૭** |
| ડે-કેર સેન્ટર | --- | --- | ૦૯ | ૧૩ | ૨૨ અપડાઉનમાં ગણેલ છે. |

| **કમ્પ્યુટર વિભાગ :-** | **અપંગ** | **સપંગ** | **કુલ** |
|---|---|---|---|
| ધોરણ-૫ | ૧૧ | --- | ૧૧ |
| ધોરણ-૬ | ૧૯ | --- | ૧૯ |
| ધોરણ-૭ | ૨૧ | --- | ૨૧ |
| ધોરણ-૮ | ૨૨ | --- | ૨૨ |
| ધોરણ-૯ | ૩૭ | --- | ૩૭ |
| ધોરણ-૧૦ | ૩૩ | --- | ૩૩ |
| ધોરણ-૧૧ | ૩૭ | --- | ૩૭ |
| ધોરણ-૧૨ | ૩૫ | --- | ૩૫ |
| બહારથી આવતા તાલીમાર્થીઓ | -- | --- | --- |
| **કુલ સંખ્યા** | **૨૧૫** | --- | **૨૧૫** |

| | **કુમાર છાત્રાલય** | **કન્યા છાત્રાલય** | **કુલ સંખ્યા** |
|---|---|---|---|
| **વિધાર્થીઓની સંખ્યા** | **૧૭૯** | **૧૦૪** | **૨૮૩** |
| **બહારથી આવતા કુલ** | **૦૫૦** | **૦૧૫** | **૦૬૫** |
| **એક કરતા વધારે** | ----- | ------ | ------ |
| | **૨૨૯** | **૧૧૯** | **૩૪૮** |

# -: સંસ્થાકિય પ્રવૃતિની વિસ્તૃત વિગત :-

સંસ્થામાં ધો. ૧ થી ૧૨નું શિક્ષણ આપવામાં આવે છે. રોજગારલક્ષી તાલીમના વર્ગો ચાલે છે તથા વિવિધ સ્પર્ધાઓ, પ્રવાસ, સાંસ્કૃતિક તેમજ વ્યક્તિત્વના વિકાસલક્ષી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. શાળામાં આવવા-જવા છાત્રાલયની કન્યાઓને તથા અપડાઉન કરતા વિકલાંગોને બસ સુવિધા, ગણવેશ, પુસ્તકો, નોટબુક, ચોપડા વિ. શૈક્ષણિક સામગ્રી વિના મૂલ્યે પુરી પાડવામાં આવે છે.

**સંસ્થા ધ્વારા કરવામાં આવેલ કાર્યની વિસ્તૃત નોંધ અમો આ સાથે રજુ કરીએ છીએ.**

## [૧] શૈક્ષણિક પ્રવૃતિઓ :-

શિક્ષણ એ વિકલાંગોના જીવનના ઘડતરનો પાયો છે તે ધ્યાનમાં રાખી પ્રાથમિક અને માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક ધો. ૧ થી ૧૨ સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. અને ધો. ૫ થી ૧૨ માં કમ્પ્યુટરનું શિક્ષણ આપવામાં આવે છે અને વિવિધ શૈક્ષણિક પરીક્ષાઓ તથા સ્પર્ધાત્મક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

### ૧:૧ શ્રી કે. કે. શાહ જરોદવાળા પ્રાથમિક શાળા (ધો. ૧ થી ૫ ) :-
### પ્રો. શ્રી હીરાલાલ કાજી પ્રાથમિક શાળા (ધો. ૬ થી ૮ ) :-

સંસ્થામાં ધો. ૧ થી ૮ સુધીનું શિક્ષણ તમામ શૈક્ષણિક સુવિધાઓ અને શૈક્ષણિક જરૂરીયાતો સાથે આપવામાં આવે છે પ્રાથમિક શાળામાં ૯૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો, ઘણાં વિકલાંગ વિદ્યાર્થીઓને બન્ને હાથ ન હોય તો પગથી કે મોઢાથી લખતાં શિખવાડવામાં આવે છે. સંસ્થાના ઘણાં વિદ્યાર્થીઓને હાથ ન હોવા છતાં પણ સફળતાપૂર્વક શિક્ષણ મેળવી પગભર થયા છે.

### ૧:૨ શ્રી સુનંદાબેન વોહોરા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા (ધો. ૯ થી ૧૨) :-

ધો. ૯ થી ૧૨નું શિક્ષણ આપવામાં આવે છે શાળામાં ૧૪૨ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ મળે તે માટે વધારાના તાસનું આયોજન કરવામાં આવે છે. કમ્પ્યુટર શિક્ષણ એક વિષય તરીકે શીખવાડવામાં આવે છે. શાળાના જે વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષામાં લખવાની તકલીફ હોય તે માટે રાયટરની વ્યવસ્થા કરવામાં આવે છે. આ વર્ષે શાળાનું પરિણામ બોર્ડ ધ્વારા લેવામાં આવતી પરીક્ષામાં ધો. ૧૦ નું પરિણામ ૬૨.૫% તથા ધો. ૧૨ નું પરિણામ ૯૦.૩૨% પ્રશંસનિય આવેલ છે. તદ્ ઉપરાંત નબળા વિદ્યાર્થીઓ માટે ખાસ શિક્ષક ધ્વારા વધારાના ક્લાસનું આયોજન કરવામાં આવે છે.

### ૧:૩ શ્રી ચીનુભાઈ નારણભાઈ શૈક્ષણિક યોજના :-

શાળાના વિદ્યાર્થીઓને શિક્ષણ માટે જરૂરી તમામ સામગ્રી સંસ્થા તરફથી વિના મૂલ્યે આપવામાં આવે છે જેમાં પુસ્તકો, નોટ, પેન્સીલ, રબર, દફતર, કંપાસ, કેલક્યુલેટર વિ. નો સમાવેશ થાય છે અને પુરસ્કાર આપવામાં આવે છે. આ માટે વિવિધ યોજના અમલમાં છે.

### ૧:૪ નોટબુક-દફતર-ગણવેશ સહાય :-

સંસ્થા ધ્વારા ફૂલસ્કેપ ચોપડા તથા નોટબુક, દફતર, ગણવેશ વિ. ઓર્ડર આપી સંસ્થાની જરૂરીયાત મુજબ તૈયાર કરવામાં આવે છે અને વિદ્યાર્થીઓની જરૂરીયાત મુજબ વિના મૂલ્યે આપવામાં આવે છે આ કાર્યમાં દાતાશ્રીઓને સહયોગ આવકાર્ય છે.

## ૧:૫ બસ સુવિધા :-

શહેરના અલગ અલગ વિસ્તારોમાં વિકલાંગોનું સર્વે કરવામાં આવે છે અને જરૂરીયાતવાળા વિકલાંગોનો સંપર્ક કરી તેઓને સંસ્થાના શાળા તથા તાલીમ વિભાગમાં પ્રવેશ આપવામાં આવે છે. શહેરના રાણીપ, વાડજ, શાહપુર, વેજલપુરના વિસ્તારોમાંથી આવતા બાળકોને વિના મૂલ્યે બસ સુવિધા તથા એક ટાઈમ જમવાની સુવિધા આપવામાં આવી છે. સંસ્થામાં દાતાશ્રીના સહયોગથી એક મીની બસ અને ત્રણ વાન વસાવેલ છે જેનો લાભ ૮૦ કન્યા છાત્રાલયની વિદ્યાર્થીનીઓને અને ૫૦ થી ૬૦ અપડાઉન કરતા વિકલાંગ લાભાર્થીઓને મળે છે. સંસ્થામાં એક મીની બસ સંસ્થાને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા લી. તરફથી અને ત્રણ વાન સુ. શ્રી સુલોચનાબેન ચંદુલાલ દલાલના સહયોગથી તેમજ "ધી કાલુપુર કોર્મશિયલ કો. ઓપ. બેંક લી. ના સૌજન્યથી તેમજ "બેન્ક ઓફ ઈન્ડિયા"ના સૌજન્યથી "સ્કુલ વાન" આપવામાં આવેલ છે.

## ૧:૬ સુમન ઉદ્યાન :-

સંસ્થામાં ખાસ ડીઝાઈન કરેલ શૈક્ષણિક ડોમ તૈયાર કરવામાં આવેલ છે, જેમાં વિદ્યાર્થીઓને વર્ગ ખંડ બહાર ખુલ્લા વાતાવરણમાં વિવિધ રમતના સાધનો સાથે શિક્ષણ આપવામાં આવે છે અને ધો. ૧ થી ૪ ના બાળકોને આ ઉદ્યાન ખૂબ જ ઉપયોગી બની રહ્યું છે. શ્રી કનિષ્કભાઈ કાજીના સહયોગથી આ પ્રવૃતિ શરૂ કરવામાં આવેલી છે.

## ૧:૭ શ્રી મદનમોહન રમણલાલ સ્પાસ્ટીક લર્નીંગ એન્ડ ડે-કેર સેન્ટર :-

માનસિક વિકલાંગતા ધરાવતા વિકલાંગોને આ વિભાગમાં પ્રવેશ આપવામાં આવે છે જેમાં શાળા સમય દરમ્યાન ડે-કેર સેન્ટરના ધારા ધોરણો અનુસાર વિવિધ રીતે એસેસમેન્ટ કરી જરૂરીયાત મુજબનું શિક્ષણ આપવામાં આવે છે અને ખાસ તાલીમ પામેલ શિક્ષકો ધ્વારા જીવન જરૂરીયાતનું જ્ઞાન તથા ઘડતર કરવામાં આવે છે આ વિકલાંગો માટે વિવિધ રમતોત્સવ, સાંસ્કૃતિક કાર્યક્રમ, એક દિવસીય પીકનીકનું આયોજન કરવામાં આવે છે. તેઓ રાજ્ય તથા રાષ્ટ્રીય કક્ષાએ પુરસ્કારો મેળવે છે. તદ્ ઉપરાંત આ વિદ્યાર્થીઓ ધ્વારા રાખડી, દિવડા, પેપર બેગ, પડીયા, કવર પર ડીઝાઈન, પેપર ડીશ અને પડીયા વિ. બાળકો ખૂબ રસ લઈને બનાવવાનું કાર્ય કરવામાં આવે છે.

## ૧:૮ શ્રી રમણીકલાલ જીવણલાલ કીનારીવાલા કમ્પ્યુટર એજ્યુકેશન સેન્ટર :-
## ૧:૯ શ્રી ચીનુભાઈ નારણભાઈ પરીખ સ્મૃતિ અદ્યતન કમ્પ્યુટર તાલિમ કેન્દ્ર :-

ધો. ૫ થી ૧૨ ના વિદ્યાર્થીઓને અભ્યાસ ક્રમ મુજબ આ કમ્પ્યુટર સેન્ટરમાં શૈક્ષણિક તાલીમ આપવામાં આવે છે અને શાળામાં વિષય તરીકે કમ્પ્યુટર શિક્ષણમાં વિદ્યાર્થીઓનું નોંધપાત્ર પરિણામ આવે છે. આ ઉપરાંત અદ્યતન કમ્પ્યુટર તાલિમ કેન્દ્રમાં કમ્પ્યુટરના ઉચ્ચ રોજગારલક્ષી અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે.

જે અંતર્ગત રોજગારલક્ષી વિવિધ વર્ગોનું આયોજન કરવામાં આવે છે અને તાલીમ પૂર્ણ થયે પ્રમાણપત્ર આપવામાં આવે છે. વર્તમાન સમયમાં રોજગારી મેળવવા માટે સંસ્થાના વિદ્યાર્થીઓ ઉપરાંત બહારના વિદ્યાર્થીઓ આ કમ્પ્યુટર સેન્ટરનો લાભ લે છે. ધો. ૫ થી ૧૨ માં વાર્ષિક / બોર્ડ પરીક્ષામાં કમ્પ્યુટર વિષયમાં પ્રથમ, દ્રિતિય, તૃતીય નંબરે ઉત્તીર્ણ થતા વિદ્યાર્થીઓને સ્વ. પ્રીતિબેન જગમોહનભાઈ શાહની સ્મૃતિમાં રોકડ પુરસ્કાર આપવામાં આવે છે.

## ૧:૧૦ કન્યા છાત્રાલય ખાતે સ્વ. ભાનુપ્રસાદ જી. પટેલના અનુદાનથી લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીકટ ૩૨૩-B, લાયન્સ કલબ ઑફ સંવેદના તેમજ લાયન્સ કલબ ઑફ શાહીબાગ નવનિર્મિત કમ્પ્યુટર સેન્ટર :-

વિકલાંગ છાત્રોને તેમજ બહારથી આવતાં વિકલાંગો માટે કન્યા છાત્રાલય ખાતે કમ્પ્યુટર ક્લાસની તાલીમ આ વર્ષથી નિષ્ણાંત શિક્ષકો દ્વારા રોજગારલક્ષી તાલીમ અલગ અલગ કોર્ષ સાથે પરમેનન્ટ પ્રોજેકટમાં ૧૫ કમ્પ્યુટર તથા ઓલ-ઈન વન પ્રીન્ટર વિ. સુવિધા આપવામાં આવેલ છે. જેનો લાભ સંસ્થાના વિકલાંગ બાળકોને તેમજ બહાર આવતાં વિકલાંગ બાળકોને આ સુવિધાનો લાભ મળે છે.

## ૧:૧૧ તેજસ્વી વિદ્યાર્થી પુરસ્કાર શૈક્ષણિક સહાય અને શિષ્યવૃતિ યોજના :-

''શ્રી વિણાબેન અનિલભાઈ પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ'' તરફથી તેજસ્વી વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક પ્રોત્સાહન યોજના વર્ષ : ૨૦૧૧-૧૨ થી વર્ષ : ૨૦૧૫-૧૬ સુધી આર્થિક સહયોગ આપવામાં આવેલ અને વર્ષ ૨૦૧૯-૨૦ માટે આપવા માટે સંમતિ આપવામાં આવેલ છે.

| | | ક્રમ | ઈનામની રકમ રૂ. |
|---|---|---|---|
| (૧) | **એસ.એસ.સી. બોર્ડ - ધો. ૧૦** ની પરીક્ષા ૬૦% કે તેથી વધુ ગુણ | પ્રથમ | ૩,૦૦૦/- |
| | મેળવી પાસ કરેલ હોય અને આગળ અભ્યાસ ચાલુ રાખવા માગતા | દ્વિતિય | ૨,૦૦૦/- |
| | હોય તેવા પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમ મેળવતા વિદ્યાર્થીને રોકડ ઈનામ. | તૃત્તિય | ૧,૦૦૦/- |
| (૨) | **ઉચ્ચત્તર માધ્યમિક ધો. ૧૨**ની બોર્ડ પરીક્ષા ૬૦% કે તેથી વધુ ગુણ મેળવી | પ્રથમ | ૬,૦૦૦/- |
| | પાસ કરેલ હોય અને આગળ અભ્યાસ ચાલુ રાખવા માગતા હોય તેવા | દ્વિતિય | ૪,૦૦૦/- |
| | પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમ મેળવતા વિદ્યાર્થીને રોકડ ઈનામ. | તૃત્તિય | ૨,૦૦૦/- |
| (૩) | **ટેકનીકલ અને પ્રોફેશનલ કોર્સ :-** | | |
| | **ધો. ૧૨** પછી મેડીકલ, એન્જીનીયરીંગ, ફાર્મસી, ડેન્ટલ, ફીઝીયોથેરાપી, | પ્રથમ | ૧૫,૦૦૦/- |
| | સી.એ. અને કમ્પ્યુટર (હાયર લેવલના) કોર્સ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ | દ્વિતિય | ૧૦,૦૦૦/- |
| | ઉચ્ચતર ધોરણ ૧૨ની બોર્ડ પરીક્ષામાં ૬૦% કે તેથી વધુ ગુણ મેળવી પાસ | તૃત્તિય | ૫,૦૦૦/- |
| | કરી હોય તેવા પ્રથમ, દ્વિતિય, તૃતિય ક્રમ મેળવતા વિદ્યાર્થીને રોકડ ઈનામ. | | ----------- |
| | | કુલ રૂ. | ૪૮,૦૦૦/- |

**કુલ રૂ. ૪૮,૦૦૦/- સુધીના રોકડ પુરસ્કાર ચુકવવામાં આવે છે.**

## [૨] રોજગાર તાલીમલક્ષી પ્રવૃત્તિઓ :-

સંસ્થામાં વિકલાંગોની શૈક્ષણિક યોગ્યતા અને વિકલાંગતાને ધ્યાને લઈ વિવિધ તાલીમના વર્ગોનું સંચાલન કરવામાં આવે છે, જેમાં તાલીમ દરમ્યાન સ્ટાયપેન્ડ સાથે અને વિના મૂલ્યે રહેવા જમવાની સુવિધા પુરી પાડવામાં આવે છે. તાલીમ મેળવી વિકલાંગો રોજગારી મેળવી સ્વાવલંબી થઈ સ્વમાનભેર જીવન જીવે છે.

## ૨:૧ અભ્યાસ સાથે સ્વ રોજગારી (અર્ન વ્હાઈલ યુ લર્ન) :-

સંસ્થામાં ઘણાં એવા વિદ્યાર્થીઓ હોય છે કે જે કોલેજમાં અભ્યાસ કરે અને બાકી સમયમાં વિવિધ તાલીમ વિભાગમાં તાલીમ મેળવે છે. તાલીમ મેળવી લીધા પછી તેઓ સંસ્થાના અલગ અલગ વિભાગમાં ઉત્પાદનનું કાર્ય કરી રોજગારી મેળવી શકે છે અને જે વાલીના ખર્ચે અભ્યાસ કરતા હતા તે હવે અભ્યાસ સાથે વાલીને આર્થિક સહયોગ આપતા થયા છે.

આ યોજના અન્વયે કમ્પ્યુટર ગ્રાફીક ડીઝાઈન, કેડ કેમ, બેકરી પ્રોડકશન અને ટેક્ષટાઈલ ગારમેન્ટ સ્ટીચીંગ તથા હેન્ડ સ્ટીચીંગમાં જીન્સ પેન્ટ, હાથ સિલાઈ ગારમેન્ટ કુર્તી, પેપર લેમ્પ તેમજ કાપડમાંથી જવેલરી વિ. સંપૂર્ણ હાથથી બનાવવામાં આવે છે. દરેક તાલીમાર્થી માસીક સારી આવક મેળવી રોજગારી મેળવે છે.

## ૨:૨ શેઠશ્રી પુરુષોત્તમદાસ મુળચંદ પ્રિન્ટીંગ તાલીમ કેન્દ્ર :-

પ્રિન્ટીગ પ્રેસ વિભાગમાં વિકલાંગોને ઓફસેટ પ્રિન્ટીંગ, સ્કીન પ્રિન્ટીંગ, ડી.ટી.પી., બુક બાઈન્ડીંગ વિ. ની તાલીમ આપવામાં આવે છે, આ વર્ષે ૧૮ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે. તાલીમ દરમ્યાન સ્ટાયપન્ડ સાથે વિના મૂલ્યે રહેવા-જમવાની સુવિધા આપવામાં આવે છે. આ વિભાગમાં અધતન ફોર કલર પ્રિન્ટીંગ ઓફસેટ અને કટીંગ મશીન વસાવવામાં આવ્યાં છે અને તાલીમ બાદ સંસ્થામાં તથા બહારના પ્રિન્ટીંગ પ્રેસમાં રોજગારી મેળવી તેઓ પગભર થાય છે.

## ૨:૩ શ્રી ભગવતીબેન વિષ્ણુકુમાર પંડ્યા (સાહિત્ય મુદ્રણાલય) ગ્રાફીક આર્ટ ટ્રેનીંગ સેન્ટર :-

આ વિભાગમાં મોટું સીંગલ કલર ઓફસેટ મશીન, બેબી ઓફસેટ મશીન, પ્લેટ મેકીંગ, સ્ક્રીન પ્રિન્ટીગ માટેની સુવિધા છે. તાલીમાર્થીને કમ્પ્યુટર પ્રિન્ટીંગ / ડીઝાઈનીંગના પ્રાથમિક કોર્સ શિખડાવવામાં આવે છે આ કામગીરીથી વિકલાંગોને અનુભવ ઉપરાંત રોજગારી મળે છે અને ડીલીવરી તથા પેકીંગની કામગીરી પણ સંસ્થાના વિકલાંગ ધ્વારા કરવામાં આવે છે.

આ વિભાગમાં પ્રિન્ટીગને લગતું કામ કરવામાં આવે છે જેમાં બહારની સંસ્થાઓ, કંપનીના કામો મળે છે જેમાં કેડીલા ફાર્મા, ગુજરાત કેન્સર સોસાયટી, ડી.સી.એન્જીન્યરીંગ, એલીસબ્રીજ આરોગ્ય સમિતિ તથા અન્ય સંસ્થાના સહયોગથી મોટા પ્રમાણમાં કામ મળે છે અને કંપની, સંસ્થાના હોદેદારો તથા કર્મચારીઓ તરફથી ઉમદા સહકાર મળે છે.

## ૨:૪ કાલીન્દી કાજી ફેશન એન્ડ એપરલ ડીઝાઈન ટ્રેનીંગ સેન્ટર :-

આ વિભાગમાં આધુનિક અધતન મશીનો ધ્વારા સિલાઈની પ્રાથમિક તાલીમ મેળવેલ કન્યાઓને આધુનિક વસ્ત્રો બનાવવાની તાલીમ આપવામાં આવે છે હાલમાં તાલીમ દરમ્યાન વિના મૂલ્યે રહેવા જમવાની સુવિધા સાથે સ્ટાયપેન્ડ આપવામાં આવે છે તાલીમ પૂર્ણ થયા બાદ ઉત્પાદન કાર્ય કરવામાં આવે છે. હાલમાં ૨૮ લોકો પ્રોડકશનનું કામ કરી રહ્યા છે તેમજ ૧૪ વિદ્યાર્થીનીઓએ ટ્રેનીંગ લીધેલ છે.

સંસ્થાએ આ વિભાગમાં થતા ઉત્પાદન માટે "PURNA" બ્રાન્ડ રજીસ્ટર્ડ કરાવવામાં આવેલ છે અને ઓર્ડર મુજબ પોશાકો તથા અન્ય ચીજ-વસ્તુઓ તૈયાર કરી આપવામાં આવે છે એ અંતર્ગત "ફેબ ઈન્ડિયા", "મોરલ ફાઈબર", "સીઝન", "અનેક ટાંકા", "વાર્પ એન્ડ વેફ્ટ ", "વ્રજ ભુમી" વિ. કંપનીનું પ્રોડકશન કાર્ય કરવામાં આવે છે.

અમદાવાદના જાણીતા ધારાશાસ્ત્રી શ્રી વિપીનભાઈ શાંતીલાલના સુપુત્રી પારવબેનની "બીયોન્ડ એકઝીબીશન ગેલેરી" માં દર વર્ષે તેમના તરફથી પ્રદર્શન સહ વેચાણ માટે આયોજન કરવામાં આવે છે જેનો તમામ ખર્ચો તેઓશ્રી તરફથી કરવામાં આવે છે અને સંસ્થાની વેચાણ થતી સામગ્રીમાંથી વિકલાંગોને આવક થાય છે અને પ્રોત્સાહન મળે છે તેઓનું આ નિઃસ્વાર્થ અને ઉમદા ભાવના પૂર્ણ કાર્ય પ્રશંસનિય અને આપણા સૌ માટે અનુકરણીય છે.

## ૨:૫ શ્રી મદનમોહન રમણલાલ ફેશન એન્ડ એપરલ ડીઝાઈન અને હેન્ડ સ્ટીચીંગ ગારમેન્ટ ટ્રેનીંગ સેન્ટર :-

કુમાર છાત્રાલય ખાતે સંસ્થાના જનરલ સેક્રેટરીશ્રી ક્ષિતીશભાઈ તથા તેમના ભાઈશ્રી શુભાંગભાઈના આર્થિક સહયોગથી આ તાલીમ કેન્દ્રનો પ્રારંભ થયો જેમાં ૧૨ જેટલા વિકલાંગો તાલીમ મેળવી પ્રોડકશન કાર્ય કરીને બે થી આઠ હજાર માસીક મેળવે છે, આ ઉપરાંત હેન્ડ સ્ટીચીંગ ગારમેન્ટ મેકીંગ તાલીમ અન્વયે કોઈ પણ જાતની મશીનરી વગર માત્ર હાથ સિલાઈ ધ્વારા પેન્ટ, હાથ સિલાઈ ગારમેન્ટ કુર્તી, પેપર લેમ્પ તેમજ કાપડમાંથી જવેલરી વિ. બનાવવામાં આવે છે તદ્ ઉપરાંત આ વિભાગમાં તાલીમ પૂર્ણ થયે તાલીમાર્થી કટીંગ, ડીઝાઈનીંગ, પેપર સ્ટ્રીપ, શર્ટ મેકીંગ તથા હાથ સિલાઈનું કાર્ય કરી માસિક રૂ. ૩ થી ૫ હજાર સુધીની રોજગારી મેળવી આર્થિક રીતે પગભર થાય છે. આ વર્ષે શ્રીમતિ અવનીબેન પટેલ અને શ્રી નેહાબેનના માર્ગદર્શન હેઠળ સંસ્થાના લાભાર્થીઓ દ્વારા બનાવેલ ચીજ-વસ્તુઓનું વેચાણ કમ પ્રદર્શન દેશના વિવિધ શહેરોમાં કરવામાં આવેલ છે.

## ૨:૬ શેઠશ્રી રમણલાલ ગીરધરલાલ સિલાઈ તાલીમ કેન્દ્ર
## શ્રી વિદ્યાબેન ભલુભાઈ દેસાઈ ચેરીટેબલ ટ્રસ્ટ ધ્વારા નવનિર્મીત કુમાર સિલાઈ તાલીમ કેન્દ્ર :-

ધો. ૭ પાસ કર્યુ હોય તેવા વિકલાંગ તાલીમાર્થીને આ તાલીમ વર્ગમાં પ્રવેશ આપવામાં આવે છે. આ વિભાગમાં ૧૮ તાલીમાર્થીઓએ વર્ષ દરમ્યાન તાલીમ મેળવેલ છે. તાલીમાર્થીને સિલેબસ મુજબ સિવણની તથા કટીંગની પ્રાથમિક તાલીમ આપવામાં આવે છે, તદ્ ઉપરાંત તાલીમ દરમ્યાન સંસ્થા ધ્વારા રહેવા જમવાની વિના મૂલ્યે સુવિધા સાથે સ્ટાયપન્ડ આપવામાં આવે છે.

## ૨:૭ સ્વ. શ્રી સમીર દુષ્યંતકુમાર સાહેબા બેકરી પ્રોડકટ્સ તાલીમ સહ ઉત્પાદન કેન્દ્ર :-

શ્રી દિનેશભાઈ લાલભાઈ પટેલ તથા તેમના બ્હેન ઉપેન્દ્રીકાબેન સાહેબાના દાન ધ્વારા આ વિકલાંગોને બેકરી પ્રોડકશન અંગેની તાલીમ મળી રહે તે માટે બેકરી તાલીમ સેન્ટર શરૂ કરવામાં આવેલ છે, જેમાં સંસ્થાના વિકલાંગોને બેકરી નિષ્ણાંત ધ્વારા તાલીમ આપવા સાથે ઉત્પાદન કરવામાં આવે છે અને ઉત્પાદન થતા માલનું વેચાણ કરી જે પણ આવક થાય તે વિકલાંગોને આપવામાં આવે છે જેથી તેઓ ઉત્સાહપૂર્વક આ કાર્યમાં જોડાઈને તાલીમ સાથે રોજગારી મેળવી શકે છે. સંસ્થાના છાત્રાલયમાં રહેતા ૩૨૬ જેટલા વિકલાંગ કુમાર-કન્યાઓને પણ આ બેકરી ધ્વારા બ્રેડ, ટોસ્ટ, ખારી, બન/ પાંઉ, પફ, મફીન, કોકોનટ બિસ્કીટ, ક્રિમ રોલ, વિ. સંસ્થામાં જ શુધ્ધતાપૂર્વક પોઊીકતા પૂર્ણ બનાવી નાસ્તા માટે આપવામાં આવે છે.

સંસ્થા ધ્વારા બનતા બિસ્કીટ, પફ, ક્રીમ રોલ વિ. ના વેચાણ માટે શ્રી ઠાકોરભાઈ દેસાઈ હોલ પર કાઉન્ટર કરવામાં આવે છે, શ્રી ઠાકોરભાઈ દેસાઈ હોલનાં સર્વે ટ્રસ્ટીનો અમો આભાર વ્યક્ત કરીએ છીએ.

આ ઉપરાંત Break time ના જી.સી.એસ., જી.સી.આર.આઈ. કાઉન્ટર ઉપર તથા સંસ્થાના કંમ્પાઉન્ડમાં સ્વ. શ્રી સમીર દુષ્યંતકુમાર સાહેબા બેકરી પ્રોડકટ્સ તાલીમ સહ ઉત્પાદન કેન્દ્રના વેચાણ માટે હાલમાં કાઉન્ટર કરવામાં આવે છે જેમાં બેકરીની પ્રોડક્ટનું વેચાણ થાય છે. આ બેકરી પ્રોડક્ટના વેચાણમાં સહયોગ આપી વિકલાંગોને સહાયરૂપ થવા વિનંતી.

## [3] છાત્રાલય વિભાગ :-

સંસ્થામાં ધો. ૧ થી ૧૨ માં અભ્યાસ કરતા તેમજ તે પછી ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા સંસ્થાના વિવિધ વિભાગોમાં તાલીમ લેતા તાલીમાર્થીઓને કુમાર/ કન્યા છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવે છે. વિનામૂલ્યે રહેવા જમવાની સુવિધા પુરી પાડવામાં આવે છે. તેઓને ચોવીસ કલાક ગરમ પાણી મળી રહે તે માટે ગેસ-ગીઝરની વ્યવસ્થા કરેલી છે. ગણવેશ ધોવા માટે લોન્ડ્રીમેટ મશીન લગાવવામાં આવેલા છે.

## ૩:૧ શ્રી પ્રબોધભાઈ પોપટલાલ રવચંદ કુમાર છાત્રાલય વિભાગ-૧
## શ્રી ભોગીલાલ બાલાભાઈ કુમાર છાત્રાલય વિભાગ-૨ :-

સંસ્થાનું કુમાર છાત્રાલય વસ્ત્રાપુર ખાતે છે જેમાં ૧૭૯ જેટલા કુમારોને નિવાસી સુવિધા પુરી પાડવામાં આવી છે. છાત્રાલયમાં દૂધ શુધ્ધ અને સાત્વિક ભોજન અને નાસ્તો વિ. આપવામાં આવે છે, આ અંતેવાસીઓને શૈક્ષણિક સામગ્રી ઉપરાંત જીવન ઉપયોગી ચીજો સાબુ, તેલ, બેડ, ચાદર વિ. સંસ્થા તરફથી વિનામૂલ્યે આપવામાં આવે છે જરૂરી આરોગ્યલક્ષી સારવાર પુરી પાડવામાં આવે છે. વર્ષ દરમ્યાન ધાર્મિક તથા રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. અંતેવાસીઓમાં સુશિક્ષણ અને સંસ્કારોનું સિંચન થાય તે પ્રમાણે દિનચર્યા ગોઠવવામાં આવી છે. સંસ્થાનું મુખ્ય ધ્યેય વિકલાંગોની સુવિધા અને જરૂરીયાત પૂર્ણ કરવાનું છે.

### ૩:૨ શ્રીમતિ વસંતબેન હીરાલાલ કાજી કન્યા છાત્રાલય :-

વિકલાંગ કન્યાઓ માટે મેમનગર, ગાંધી લેબર ઈન્સ્ટીટ્યુટ પાસે અલાયદુ છાત્રાલય છે જેમાં કન્યાઓને નિવાસી સુવિધા સાથે સાત્વિક ભોજન આપવામાં આવે છે, આ છાત્રાલયમાં ૧૦૪ જટેલી કન્યાઓ રહીને શિક્ષણ અને તાલીમ મેળવે છે. કન્યાઓને શાળા, કોલેજમાં આવવા-જવા સંસ્થા તરફથી વિનામૂલ્યે બસ સુવિધા પુરી પાડવામાં આવે છે. સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત વિવિધ તહેવારોની ઉજવણી કરાવવામાં આવે છે. વિકલાંગ કન્યાઓ વ્રતો કરે છે તેમજ નવરાત્રીમાં "મા" ના ગરબા રમે છે વિ. ધાર્મિક તહેવારોની ઉજવણી કરવામાં આવે છે.

વર્ષ દરમ્યાન આરોગ્યલક્ષી કેમ્પ ઉપરાંત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે, છાત્રાલયમાં લીફ્ટની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.

## [૪] સારવાર અને સાધન સહાય :-

સંસ્થાના વિકલાંગ અંતેવાસીઓ તથા રાજ્યના ગ્રામ્ય કક્ષાએ રહેતા વિકલાંગોને અસ્થિવિષયક જરૂરી સારવાર મળી રહે તે માટે અસ્થિવિષયક, ફીઝીયોથેરાપી સારવાર, સાધન સહાય કેમ્પનું આયોજન કરવામાં આવે છે અને જરૂરી સારવાર તથા સાધન સહાય વિના મૂલ્યે પુરી પાડવામાં આવે છે. સંસ્થા ધ્વારા મેમનગર અને વસ્ત્રાપુર એમ બે ફીઝીયોથેરાપી સેન્ટરનું સંચાલન કરવામાં આવે છે.

### ૪:૧ શ્રી મણીલાલ જેઠાલાલ શાહ ઈન્ડોર ફીઝીયોથેરાપી સેન્ટર :-
### નૂતન નાગરીક સહકારી બેંક લી. ફીઝીયોથેરાપી સેન્ટર :-
### શ્રી દૌલતભાઈ અને શ્રી નાનુભાઈ ત્રિવેદી હેલ્થ સેન્ટર :-
### શ્રી ચીમનભાઈ સોમાભાઈ પટેલ (સંદેશ) પીડીયાટ્રીક ફીઝીયોથેરાપી સેન્ટર :-
### શ્રી શાંતાબેન મોતીલાલ પરીખ ફીઝીયોથેરાપી સેન્ટર :-

સંસ્થા ધ્વારા કન્યા છાત્રાલય સંકુલ ડ્રાઈવ-ઈન રોડ અને કુમાર છાત્રાલય સંકુલ વસ્ત્રાપુર ખાતે આધુનિક સાધનોથી સુસજ્જ ફીઝીયોથેરાપી સેન્ટરની સુવિધા ઉપલબ્ધ છે. આ વિભાગમાં સંસ્થાના વિકલાંગ બાળકોને સંસ્થાના માનદ્ ઓર્થોપેડીક સર્જન તથા ફીઝીયોથેરાપીસ્ટના નિદાન બાદ જરૂરી સારવાર આપવામાં આવે છે આ ઉપરાંત બહારના દર્દીઓને રાહત દરે સારવાર આપવામાં આવે છે દૈનિક સરેરાશ ૨૦૦ પેશન્ટ બન્ને સેન્ટરમાં લાભ લે છે આ સેન્ટર અદ્યતન સાધનોથી સજ્જ છે અને સંપૂર્ણ વાતાનુકૂલીત બનાવવામાં આવેલ છે.

વધુમાં આ વિભાગોમાં જરૂરીયાત પૂરતા સાધનો ઉપલબ્ધ છે પરતું હાલના વિકસતા યુગમાં આ ફીઝીયોથેરાપી સેન્ટર અધતન સાધનોથી સુસજ્જ રાખવામાં આવે તો વિકલાંગોને અને દર્દીઓને ઘણી અસરકારક રીતે સહાયરૂપ થઈ શકાય તે હેતુથી ગુજરાત રાજ્ય રાજ્યપાલશ્રી સોશ્યિલ વેલફેર ફંડમાંથી (૧) સેલેનોઈડ વીથ પલ્સડ ઈલેક્ટ્રો મેગ્નેટોથેરાપી વીથ ટ્રીટમેન્ટ કાઉચ (૨) શોર્ટ વેવ ડાયાથર્મી-૫૦૦વોટસ વીથ ડીસ્ક ઈલેકટ્રોડ તેમજ (૩) એફ.ઈ.એસ.- ફંકશનલ ઈલેક્ટ્રીકલ સ્ટીમ્યુલેશન વિ. મશીન વસાવેલ છે.

કુમાર છાત્રાલય ખાતે આવેલું શ્રી શાંતાબેન મોતીલાલ પરીખ ફીઝીયોથેરાપી સેન્ટર સવારના ૭-૩૦ થી રાત્રિના ૭-૩૦ સુધી કાર્યરત છે. આ સેન્ટરમાં મુખ્ય ફીઝીયોથેરાપીસ્ટ તરીકે ડૉ. મનિષભાઈ ત્રિવેદી પોતાની આગવી સુઝ અને અનુભવપૂર્વક કાર્ય કરે છે, ઘણાં દર્દીઓને તેમના ધ્વારા વિવિધ રોગોમાં ખૂબ જ ફાયદો થયો છે અને સંસ્થાના વિકલાંગ બાળકોના વિકલાંગતામાં ઘટાડો થયો છે.

**ચાલુ વર્ષે નીચે પ્રમાણે લાભાર્થી રહ્યાં.**

| | | |
|---|---|---|
| **ડ્રાઈવ-ઈન રોડ સેન્ટર** | : | **આઉટ-ડોર પેશન્ટ - ૧૯૭૭૫ ઈન્ડોર પેશન્ટ - -------** |
| **વસ્ત્રાપુર રોડ સેન્ટર** | : | **આઉટ-ડોર પેશન્ટ - ૨૭૦૩૨ ઈન્ડોર પેશન્ટ - ૫૧૩૩** |
| **કુલ પેશન્ટ** | : | **આઉટ-ડોર પેશન્ટ - ૪૬૮૦૭ ઈન્ડોર પેશન્ટ - ૫૧૩૩** |
| **સરાસરી પેશન્ટ** | : | **૧૭૯** |

## ૪:૨ મેડીકલ ચેક-અપ તથા સારવાર, સાધન સહાય :-

